**હેલ્પલાઈન: ૧૦૪**

सत्यमेव जयते

**COVID–19 અખબારી યાદી ક્રમાંક: ૪૪૦**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

*ફોન નં. ૦૭૯–૨૩૨૫૦૮૧૮* *ઈ-મેલ: ssoidsp@gmail.com*

**તા.૨૪.૦૩.૨૦૨૧**

## ધન્વંતરી રથની સેવાઓને વધુ સુદઢ કરવામાં આવી

## ૭૭૫ થી વધારી આજે ૯૫૮ ધન્વંતરી રથ કાર્યરત.

## મહારાષ્ટ્ર રાજયમાંથી આવતા વ્યકિતઓ માટે કોવિડ–૧૯ નો RTPCR ટેસ્ટ ફરજીયાત

## કોવિંડ–૧૯ થી નાગરિકોને સુરક્ષિત કરવા માટે

## આગામી ૧લી એપ્રિલ થી ૪૫ થી વધુ વયની વ્યક્તિઓને કોવિડની રસી અપાશે.

## આજે કુલ–૧,૯૦,૮૫૮ વ્યકિતઓનું રસીકરણ કરવામાં આવ્યું.

## રાજ્યમાં આજે કોવિડ–૧૯ ના ૧૭૯૦ કેસ નોંધાયા તથા ૧૨૭૭ દર્દીઓ સાજા થયા

## અત્યાર સુધી ૨,૭૮,૮૮૦ દર્દીઓ એ કોરોનાને આપી મ્હાત

## રાજ્યમાં સાજા થવાનો દર ૯૫.૪૫ ટકા

★★★★★

રાજયમાં ધન્વંતરી રથની સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો જેમાં અગાઉ કાર્યરત ૭૭૫ રથની સંખ્યા વધારી આજે **૯૫૮ ધન્વંતરી રથ કાર્યરત** કરવામાં આવ્યા. અત્યાર સુધી ધન્વંતરી રથ દ્વારા ૩ કરોડ ૫૦ લાખથી વધુ વ્યકિતઓને સારવાર પુરી પાડવામાં આવી છે.

ગત દિવસોમાં ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના કેસોમાં આત્યંતિક વધારો જોવા મળેલ છે. વધુમાં ગુજરાત રાજ્યમાં ગત અઠવાડિયા દરમ્યાન જોવા મળેલ કેસોમાં કોન્ટેક્ટ ટ્રેસિંગ હાથ ધરતા આ કેસોમાં પણ મહારાષ્ટ્રમાંથી મુસાફરી કરેલ પરત ફરેલ કે તેના ઘનિષ્ઠ સંપર્કમાં આવેલ વ્યક્તિઓમાં કોરોનાનું સંક્રમણ વધારે જોવા મળેલ છે. જેને અનુલક્ષીને ગુજરાત રાજ્યમાં મહારાષ્ટ્રમાંથી કોવિડ-૧૯ નાં કેસોનો વ્યાપ ન વધે તે માટે તકેદારીના ભાગ રૂપે મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશ ઈચ્છુક તમામ વ્યક્તિઓએ **ગત ૭૨ કલાકમાં RTPCR ટેસ્ટ કરાવેલ હોય અને તે નેગેટીવ હોય તેઓને જ પ્રવેશ મળવાપાત્ર** થશે. મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં પ્રવેશ માટે આવતા તમામ વ્યકિતઓનું સ્ક્રીનીંગ ફરજીયાત પણે કરવામાં આવશે.

ભારત સરકારશ્રી દ્વારા રચાયેલ ટાસ્ક ફોર્સની સલાહ મુજબ કોરોના વેક્સીન કોવિશિલ્ડના ૨ (બે) ડોઝ વચ્ચે ચાર થી આઠ અઠવાડિયાનું અંતર (૬ અઠવાડિયા ઇચ્છનીય) રાખવા જણાવાયુ છે.

વધુમાં તા.૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ૪૫ વર્ષથી વધુ ઉંમરના જેને કોઇ બિમારી હોય કે ના હોય તેવા તમામ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસી આપવામાં આવશે. તા. ૧ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ થી ૪૫ થી ૫૯ વર્ષના વ્યક્તિઓને અન્ય બિમારી માટેનું ડોક્ટરના પ્રમાણપત્રની જરૂરીયાત રહેશે નહિ.

તાજેતરમાં રાજયમાં કોરોના કેસોનું પ્રમાણ વધારે જોવા મળી રહયુ છે. પરંતુ આ કેસો ખુબ જ સામાન્ય લક્ષણો ધરાવતા હોવાનું જણાય છે. નવેમ્બર માસમાં જયારે રાજયમાં કોરોનાના ઘણા કેસો નોંધાતા હતા એ સમયે દાખલ થતા દર્દીઓમાં ૨૪૧ ક્યુબીક મેટ્રીક ટન જેટલા ઓકસીજનનો વપરાશ હતો. જેની સામે આજે **૯૧ ક્યુબીક મેટ્રીક ટન જેટલા ઓકસીજનનો વપરાશ** છે.

અત્યાર સુધીમાં કુલ-૩૬,૭૭,૪૬૭ વ્યકિતઓનું પ્રથમ ડોઝનું અને ૬,૧૭,૧૩૨ વ્યકિતેઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. આમ કુલ- ૪૨,૯૪,૫૯૯ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ-૧,૭૬,૫૭૪ વ્યકિતઓનું રસીકરણ કરાયુ.અત્યાર સુધીમાં રાજયમાં એક પણ વ્યકિતને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળેલ નથી.

રાજયમાં કોવિડ-૧૯ ના ૧૭૯૦ દર્દીઓ નોંધાયા છે અને રાજયભર માંથી ૧૨૭૭ દર્દીઓ સાજા થયેલ છે આ સાથે રાજયનો રીકવરી રેટ ૯૫.૪૫ ટકા જેટલો છે. રાજયમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસો ના લીધે ૨,૭૮,૮૮૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

★★★★★

**રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.**

| એક્ટીવ કેસ | | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|
| કુલ | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૮૮૨૩ | ૭૯ | ૮૭૪૪ | ૨૭૮૮૮૦ | ૪૪૬૬ |

**રાજ્યમાં આજ રોજ કોવીડ-૧૯ નાં કારણે કુલ ૦૮ દુ:ખદ મૃત્યુ નોંધાયેલ છે.**
**જેની વિગત નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | મૃત્યુ |
|---|---|
| સુરત કોર્પોરેશન | ૨ |
| અમદાવાદ કોર્પોરેશન | ૨ |
| ગાંધીનગર | ૧ |
| જામનગર કોર્પોરેશન | ૧ |
| રાજકોટ કોર્પોરેશન | ૧ |
| વડોદરા કોર્પોરેશન | ૧ |
| કુલ | ૮ |

**રાજ્યમાં આજ રોજ નોંધાયેલ કોવિડ–૧૯ ના કેસ અને ડીસ્ચાર્જની વિગત નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | કેસ | ડીસ્ચાર્જ | રસીકરણ |
|---|---|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૫૦૬ | ૪૫૯ | ૯૯૫૯ |
| સુરત કોર્પોરેશન | ૪૮૦ | ૩૧૬ | ૮૧૧૦ |
| વડોદરા કોર્પોરેશન | ૧૪૫ | ૯૦ | ૫૨૫૯ |
| રાજકોટ કોર્પોરેશન | ૧૩૦ | ૮૦ | ૪૦૨૧ |
| સુરત | ૧૦૨ | ૨૪ | ૪૪૦૪ |
| રાજકોટ | ૩૪ | ૧૩ | ૬૬૫૯ |
| ભાવનગર કોર્પોરેશન | ૨૭ | ૧૬ | ૨૬૮૫ |
| જામનગર કોર્પોરેશન | ૨૨ | ૧૨ | ૧૪૦૧ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૨૧ | ૯ | ૪૮૬ |
| વડોદરા | ૨૦ | ૨૪ | ૬૧૩૦ |
| ખેડા | ૧૯ | ૩૮ | ૮૦૮૬ |
| પાટણ | ૧૯ | ૮ | ૫૧૪૫ |
| ગાંધીનગર | ૧૮ | ૧૭ | ૬૮૭૩ |
| મહેસાણા | ૧૭ | ૧૩ | ૮૩૭૮ |
| નર્મદા | ૧૭ | ૧૮ | ૨૯૭૮ |
| દાહોદ | ૧૬ | ૫ | ૩૨૬૨ |
| બનાસકાંઠા | ૧૫ | ૧ | ૧૨૦૭ |
| કચ્છ | ૧૫ | ૪ | ૪૮૭૮ |
| અમરેલી | ૧૪ | ૨ | ૩૫૦૫ |
| ભરૂચ | ૧૩ | ૨૯ | ૪૨૯૪ |
| જામનગર | ૧૩ | ૬ | ૫૨૨૩ |
| મોરબી | ૧૨ | ૧૦ | ૩૭૮૨ |
| ભાવનગર | ૧૧ | ૩ | ૬૮૭૬ |
| મહીસાગર | ૧૧ | ૦ | ૬૩૦૧ |
| આણંદ | ૧૦ | ૦ | ૬૦૬૦ |
| સાબરકાંઠા | ૯ | ૨૦ | ૨૫૮૯ |
| અમદાવાદ | ૮ | ૨ | ૭૫૭૪ |
| સુરેન્દ્રનગર | ૮ | ૨ | ૩૬૦૦ |
| તાપી | ૮ | ૦ | ૩૬૫૨ |
| દેવભૂમિ દ્વારકા | ૭ | ૦ | ૨૫૪૫ |
| નવસારી | ૭ | ૧ | ૬૩૭૦ |
| વલસાડ | ૭ | ૩ | ૫૨૪૬ |
| ગીર સોમનાથ | ૬ | ૫ | ૨૭૭૨ |
| જુનાગઢ કોર્પોરેશન | ૬ | ૮ | ૯૪૮ |
| પંચમહાલ | ૫ | ૧૮ | ૭૪૫૩ |
| ડાંગ | ૪ | ૦ | ૧૧૩૨ |
| અરવલ્લી | ૨ | ૪ | ૪૪૩૮ |
| જુનાગઢ | ૨ | ૦ | ૩૮૯૯ |
| પોરબંદર | ૨ | ૦ | ૨૨૫૦ |
| બોટાદ | ૧ | ૦ | ૧૬૬૬ |
| છોટા ઉદેપુર | ૧ | ૧૭ | ૮૭૬૨ |
| કુલ | ૧૭૯૦ | ૧૨૭૭ | ૧૯૦૮૫૮ |